eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 185
June 26, 2009

## આરોગ્ય ખાતાની કામગીરી

મે. કમિશનરશ્રીના આદેશાનુસાર અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુચના મુજબ તા. ૧૮–૦૬–૨૦૦૯ ના રોજ શાળા અને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ૧૦૦ મીટરના પ્રતિબંધિત વિસ્તારમાં ગુટખા , તમાકુ, જર્દા, બીડી, સિગારેટનું વેચાણ થતું અટકાવવાની ખાસ ઝુંબેશ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત નિમિત્તે તા. ૫, ૬, અને ૮ જુલાઈ ૨૦૦૯ના રોજ મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત નિમિત્તે તા. ૫, ૬, અને ૮ જુલાઈ ૨૦૦૯ના રોજ મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા સૂર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી

સુરત મહાનગરપાલિકા દ્વારા સૂર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી પર્વ નિમિત્તે નાનપુરા, જુની કોર્ટ સામે, નાવડી ઓવારા, સુરત ખાતે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના તાબા હેઠળના વોર્ડ નં. ૯ વાડીફળિયામાં આવેલ ગોકુળ આઈસ્ક્રીમ(૯/૧૧૧૮ અંબાજી રોડ) ના માલિક દિનેશ શાંતિલાલ પંચાલ તથા સંતોષ પાન સેન્ટર (ધનલક્ષ્મી ચમ્બર્સ, અંબાજી રોડ) ના માલિક શ્રી જનકભાઈ મણીલાલ ઠકકર આરોગ્ય ખાતાનો પરવાનો મેળવ્યા વગર ખાદ પદાર્થોનું વેચાણ કરતા માલમ પડયા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) માં તા. ૨૩/૦૬/૨૦૦૯ના રોજ શહેર વિકાસ/ દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી ની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય ખાતાની કામગીરી

મે. કમિશ્નરશ્રીના આદેશાનુસાર અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુચના મુજબ તારીખ ૨૨–૦૬–૨૦૦૯ના રોજ મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ ખાદ્ય પદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ અને ખાણી–પીણીની લારીઓનું ઘનિષ્ઠ ચેકીંગ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કામગીરી

રાહત કમિશ્નરશ્રી મહેસુલ વિભાગ, ગાંધીનગરના જણાવ્યા અનુસાર ભારતીય હવામાન ખાતાના નિયામક શ્રી તરફથી મળેલ સંદેશાનુસાર સુરતથી દક્ષિણ, દક્ષિણ–પશ્ચિમે ૪૦૦ કી.મી. દૂર મધ્ય અરબી સમુદ્રમાં દબાણની સ્થિતિ ઉત્તપન થઈ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય ખાતાની કામગીરી

મે. કમિશનરશ્રીના આદેશાનુસાર અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુચના મુજબ તા. ૧૮–૦૬–૨૦૦૯ ના રોજ શાળા અને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ૧૦૦ મીટરના પ્રતિબંધિત વિસ્તારમાં ગુટખા , તમાકુ, જર્દા, બીડી, સિગારેટનું વેચાણ થતું અટકાવવાની ખાસ ઝુંબેશ તમામ ઝોન વિસ્તારમાં ઉપાડવામાં આવી હતી જે દરમ્યાન ગુટખા, જર્દા અને તમાકુ ૨૫૦ કિલોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો. કુલ ૨૩ લારી/સંસ્થા ચેક કરી ૧૧ ઈસમોને નોટિસ આપવામાં આવી તથા રૂા. ૧૬૦૦/– વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવ્યો. મહાનગરપાલિકાના નીચેના ઝોન વિસ્તારોમાં આવેલ ખાદ્ય પદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ અને ખાણીપીણીની લારીઓનું ઘનિષ્ઠ ચેકીંગ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને તેમના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં આરોગ્ય વિષયક કાળજી ન લેનાર સંસ્થાઓ /ખાણીપીણીની લારીઓ સામે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ અને વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

કતારગામ ઝોનના વિસ્તારોમાં આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં ૨૩૫ પાણીના પાઉચ જપ્ત કરવામાં આવેલ છે. ૨૨૧ હાથ લારી/સંસ્થા ચેક કરવામાં આવેલ. ૩૭ ઈસમોને નોટીસ આપવામાં આવી. તથા કસુરવારની પાસેથી રૂા.૪૨૫૦ વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવ્યો હતો.

વરાછા ઝોનના ૧૪ –જે લંબેહનુમાનના બોમ્બે માર્કેટ ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઈન રોડ, વર્ક શોપ મેઈન રોડ, અર્ચના વિદ્યાલય થી રેણુકા ભવન સુધીનો મેઈન રોડ, નવાગામ–એ–બી, અશ્વનીકુમાર, કાપોદ્રા નાના વરાછા કરંજ, –એ વિવિધ વિસ્તારોમાં કામગીરી કરવામાં આવેલ જેમા ૩૩૪ સંસ્થા ચેક કરવામાં આવેલ ૫૦ લીટર પાણીપુરી ના પાણીનો નાશ કરવામાં આવ્યો. ૨૫ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો, ૩૦૪૫ પાણીના પાઉચ તથા ૪ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યો, ૨૮ ઈસમોને નોટિસ ફટકારવામાં આવી. તેમજ જવાદાર ઈસમો પાસેથી રૂા. ૩૩૦૦/– વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

લિંબાયત ઝોનના વિસ્તારોમાં આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં ૦૬ પાણીપુરીની લારી ઓ બંધ કરાવવામાં આવી, ૨૭ ખાણીપીણીની લારી ઓ ચેક કરવામાં આવી, ૨ શાકભાજી માર્કેટ ચેક કરવામાં આવી., ૨૮ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તેમજ જવાબદાર ઈસમો પાસેથી રૂા. ૩૭૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવ્યો.

સેન્ટ્રલ ઝોનના હનુમાન શેરી, રીંગરોડ, લાલ તબેલા રોડ, પતરાની ચાલ, રૂઘનાથપુરા નાનપુરા માર્કેટ, ગોપીપુરા, રત્ના સાગર, ખ્વાજાદાના દરગાહ રોડ, રાજેશ્રી હોલ પાસે, ખપાટીયા ચકલા, નવસારી બજાર, વિવિધ વિસ્તારોમાં ૫૯ હાથ લારી /સંસ્થાઓનું ચેકીંગ કરવામાં આવ્યુ. ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવી. આશરે ૦૯ કિલો જેટલો અખાદ્ય પદાર્થ નાશ કરાવવામાં આવ્યો. ૩૫૦ લિ. પાણીપુરીનો નાશ કરવવામાં આવ્યો. જવાબદાર ઈસમો પાસેથી રૂા. ૫૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવ્યો. ૩૦૦ ગ્રામ જેટલુ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

રાંદેર ઝોનના વિસ્તારોમાં આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં ૦૬ પાણીપુરીની લારી ઓ બંધ કરાવવામાં આવી, ૧૮૪ હાથ લારી /સંસ્થાઓનું ચેકીંગ કરવામાં આવ્યું. ૩૦૪૫ પાણીના પાઉચ એકસપાયર ડેઈટ તથા આઈ.એસ.આઈ. માર્કા વગરના જપ્ત કરવામાં આવ્યા, તેમજ જવાબદાર ઈસમો પાસેથી રૂા. ૫૨૫૦/– નો વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવ્યો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત નિમિત્તે તા. ૫,૬, અને ૮ જુલાઈ ૨૦૦૯ના રોજ મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત નિમિત્તે તા. ૫, ૬, અને ૮ જુલાઈ ૨૦૦૯ના રોજ મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક/માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં સુરત શહેર વિસ્તારમા ંરહેતી યુવતીઓ તેમજ મહિલાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ન. પ્રા. શાળા ક્રમાંક –૧૪૨, સીલ્ક માર્કેટની સામે, મેમણ હોલની બાજુમાં, ચોકબજાર, સુરત ખાતેથી તા. ૩૦–૦૬–૨૦૦૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ, અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત **5ZT** કરવાના રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા સૂર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી

સુરત મહાનગરપાલિકા દ્વારા સૂર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી પર્વ નિમિત્તે નાનપુરા, જુની કોર્ટ સામે, નાવડી ઓવારા, સુરત ખાતે તા. ૨૮–૦૬–૨૦૦૯ ( અષાઢ સુદ સાતમ ) ને રવિવારના રોજ સાંજે ૬–૩૦ કલાકે નગરજનો ધ્વારા મંગલદીપ પ્રગટાવી, તાપી માતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ પાવન પ્રસંગે સુરત શહેરના નગર જનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના તાબા હેઠળના વોર્ડ નં. ૯ વાડીફળિયામાં આવેલ ગોકુળ આઈસ્ક્રીમ(૯/૧૧૧૮ અંબાજી રોડ) ના માલિક દિનેશ શાંતિલાલ પંચાલ તથા સંતોષ પાન સેન્ટર (ધનલક્ષ્મી ચમ્બર્સ, અંબાજી રોડ) ના માલિક શ્રી જનકભાઈ મણીલાલ ઠકકર આરોગ્ય ખાતાનો પરવાનો મેળવ્યા વગર ખાદ પદાર્થોનું વેચાણ કરતા માલમ પડયા હતા. જેથી બંને દુકાનદારો સામે બી.પી.એમ.સી. એકટ મુજબનો ભંગ કરવા બદલ મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ (મ્યુની. ) ની કોર્ટમાં ફરિયાદ દાખલ કરતા નામદાર કોર્ટએ બંને આરોપીઓને કસુરવાર ઠેરવી, દરેકને રૂા. ૨૫૦/– નો દંડ કર્યો હતો. જયારે જાહેરમાં ન્યુસન્સ કરી, ગંNકી ફેલાવતા માલમ પડેલ. (૧) સુરેશ ડાહયાભાઈ રબારી(ચોર્યાસી ડેરી પાસે, અંબાજી રોડ) (૨) દિનેશ ભાઈલાલાભાઈ સોની (બી–૫, રજનીગંધા એપાર્ટમેન્ટ, ચકવાળાની શેરી, વાડીફળીયા ) (૩) સુરેશભાઈ રતીલાલ રંગુનવાલા (૯/૧૯૮૨ લીમડાચોક કબુતરખાના પાસે) ની સામે બી.પી.એમ.સી. એકટ મુજબના ભંગ બદલ કોર્ટમાં ફરિયાદ દાખલ કરતા, નામદાર કોર્ટએ ત્રણેયને કસુરવાર ઠેરવી દરેકને રૂા. ૫૦–૦૦ નો દંડ કર્યો હતો. નાયબ આરોગ્ય અધિકારીશ્રી ર્ડા. પ્રદીપ એચ. ઉમરીગરના માર્ગદર્શન હેઠળ, આરોગ્ય નિરીક્ષકશ્રી એમ. ઈકબાલ શેખએ ફરિયાદો મુકવા અંગેની કાર્યવાહી કરી હતી. જયારે આરોગ્ય ખાતાના પ્રોસીકયુશન સેનીટરી ઈન્સ્પેકટરશ્રી મહેશ જે. નવસારીવાળાએ કોર્ટમાં ફરિયાદો દાખલ કરી હતી.

સુરત મહાનગરપાલિકા તરફથી શહેરીજનોને તથા શહેરમાં આવતા મુલાકાતીઓને, શહેરને સ્વચ્છ રાખવામાં સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં તા. ૨૩/૦૬/૨૦૦૯ના રોજ શહેર વિકાસ/ દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી ની વિગત નીચે મુજબ છે.

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં ૪૯ (કતારગામ), આર–૦૯, હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ.ના રીઝર્વેશનવાળી જગ્યામાં (૧) પૂજા પાર્ક તરીકે ઓળખાતી સોસાયટીમાં આર.સી.સી. પ્લીન્થ બીમ સહિતની નંગ–૦૩ પ્લીન્થ નું આશરે ૧૨૦૦ ચો.ફુટનું બાંધકામ દૂર કરવામાંઆવેલ છે. તેમજ (૨) આર–૯, હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ.ના રીઝર્વેશનવાળી જગ્યામાં નીરૂ ફાર્મ તરીકે ઓળખાતી જમીનમાં આશરે ૧૦૦૦ ચો.ફુટ જેટલા માપ વિસ્તારમાં ચણતર કરી આર.સી.સી. સ્લેબ ભરી ટોયલેટ બ્લોક તથા ચણતર કરી સીમેન્ટના પતરાં ફીટ કરી રસોડાનું બાંધકામ કરેલ જે અત્રેથી દુર કરવામાં આવેલ છે.

TOP

## આરોગ્ય ખાતાની કામગીરી

મે. કમિશનરશ્રીના આદેશાનુસાર અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુચના મુજબ તારીખ ૨૨–૦૬–૨૦૦૯ના રોજ મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ ખાદ્ય પદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ અને ખાણી–પીણીની લારીઓનું ઘનિષ્ઠ ચેકીંગ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. જેમાં આરોગ્ય વિષયક કાળજી ન લેનાર સંસ્થાઓ/ખાણીપીણીની લારીઓ સામે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ અને વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલછે.

વરાછા ઝોનના જુદા જુદા વિસ્તારોમાં આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ જેમાં ૧૪ સંસ્થાઓ/લારીઓ ચેક કરવામાં આવેલ. જવાબદાર ઈસમો પાસેથી રૂા. ૭૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ૪૬ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો.

લિંબાયત ઝોનના જુદા જુદા વિસ્તારોમાં ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું. જે પૈકી ૨૨ પાણીપુરીની લારીઓ ચેક કરવામાં આવી હતી અને ૦૭ પાણીપુરીની લારીઓ બંધ કરાવવામાં આવેલ હતી. ૦૨ શાક માર્કેટનું ચેકીંગ કરવામાં આવ્યુ હતું. ૧૮ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો. રૂા. ૧૭૦૦/– વહીવટી ખર્ચ પણ વસુલ કરવામાં આવ્યો હતો.

રાંદેર ઝોનના જુદા જુદા વિસ્તારોમાં ઝુંબેશ હાથ ધરવામાં આવેલ ૫૬ લારીઓનું ચેકીંગ કરવામાં અવ્યું હતું અને આ તમામને નોટીસ આપવામાં આવેલ હતી. અખાદ્ય પદાર્થ ૨૩ કિલોનો નાશ કરાવવામાં આવયો હતો. પાણીપુરીનું પાણી ૦૫ લીટરનો પણ નાશ કરવામાં આવ્યો હતો. વહીવટી ખર્ચ પેટે રૂા. ૨૯૫૦/– વસુલ લેવામાં આવેલ હતો.

TOP

## ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કામગીરી

રાહત કમિશ્નરશ્રી મહેસુલ વિભાગ, ગાંધીનગરના જણાવ્યા અનુસાર ભારતીય હવામાન ખાતાના નિયામક શ્રી તરફથી મળેલ સંદેશાનુસાર સુરતથી દક્ષિણ, દક્ષિણ–પશ્ચિમે ૪૦૦ કી.મી. દૂર મધ્ય અરબી સમુદ્રમાં દબાણની સ્થિતિ ઉત્પન્ન થઈ છે. જે વધુ તીવ્ર બની ઉત્તરમાં તથા ઉત્તર પશ્ચિDD દિશામાં ગતિ કરી આજ તા. ૨૩ જુનના સાંજથી રાત્રિના ગાળામાં દક્ષિણ ગુજરાતનો દરિયા કાંઠો પસાર કરે તેવી સંભાવના છે. જેને કારણે દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠે ૪૫ થી ૬૫ કી.મી. ની ઝડપે પવનો ફુંકાવાની શકયતા છે તથા મોટા ભાગના સ્થળોએ વરસાદ પડવાની, કેટલાક સ્થળોએ વરસાદ પડવાની તથા છુટાછવાયા વિસ્તારોમાં તેથી વધારે વરસાદ પડવાની શકયતા છે. આથી માછીમાર ભાઈઓએ દરિયામાં ન જવા જણાવવામાં આવેલ છે.

જેના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ ઝોનના કન્ટ્રોલ રૂમો તથા સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમને એલર્ટ કરવામાં આવેલ છે. ડુમસ – ભીમપોર જેવા દરિયા કાંઠાના વિસ્તારોમાં આ અંગે પ્રચારવાન મારફત સાવચેતી રાખવા સંદેશો પહોંચાડવા વ્યવસ્થા કરવામા આવેલ છે. ફાયર અને ઈમરજન્સી વિભાગને સતર્ક કરવામા આવેલ છે. તેમજ ગાર્ડનખાતાની ટીમને સજજ રહેવા તંત્ર તરફથી સુચના આપવામા આવેલ છે. આ ઉપરાંત શહેરમાં આવે તમામ હોર્ડિંગ્સોની સલામતી ની દષ્ટિએ ચકાસણી કરી સાવચેતીના પગલાં લેવા એડવર્ટાઈઝીંગ એજન્સીઓને જાણ કરવામાં આવેલ છે.

તમામ ઝોનનાં કન્ટ્રોલ રૂમમાં અધિકારી ઉપરાંત વાહન અને સમગ્ર સાથે મરામતની ટુકડી પણ હાજર રહેશે. સ્ટ્રીટ લાઈટ ને ચાલુ રાખવાની કામગીરી માટે સંબંધિત અધિકારી તથા એજન્સીને આજ TFP Z#v_&vZ__) GL રાત્રે સતર્ક રહેવા સુચના આપવામાં આવે , છે.

TOP